# ભિલોડા તાલુકામાં કાતીલ તીવ્ર ઠંડીનું મોજુ

ભિલોડા,તા.૨૮

ઉત્તર ભારતમાં શીત લહેર પ્રસરતા કાતીલ તીવ્ર ઠંડીનું મોજુ સર્વત્ર ફરી વળતા મહત્તમ તાપમાનનો પારો એકાએક ગગડતાં અત્ર-તત્ર-સર્વત્ર શીત લહેર પ્રસરી છે.અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં તીવ્ર ઠંડીનું જોર વધતા આ વર્ષે રવિ સિઝનમાં ઘઉં, ચણા, રાયડો, જીરૂના પાક માટે ઠંડીનો માહોલ એકદંરે સારો હોઈ ઉત્પાદનનું પ્રમાણ વધશે તેવી ખેડુતોને હવે આશા બંધાઈ છે. ઘઉંનું વિક્રમજનક વાવેતર ખેડુતોએ હોંશે હોંશે ઠેર-ઠેર ખેતરોમાં કર્યુ છે ત્યારે



ઘઉંનું વિક્રમજનક ઉત્પાદન વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. કાતીલ તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળતા જન જીવન પ્રભાવિત થઈ રહ્યું છે. ગાત્રો થ્રીજવતી ઠંડીનું પ્રમાણ એકાએક વધતા રાત્રે બજારો સુમસામ ભાસી રહ્યા હતા. ઠંડીનું જોર એકાએક વધતા દુધાળા પશુઓની દુધ ઉત્પાદનની શક્તિ પર માઠી અસરો વર્તાતા દુધની આવકમાં એકદંરે ઘટાડો નોંધાઈ રહ્યો છે. કાતીલ તીવ્ર કાતીલ તીવ્ર ઠંડીનું મોજુ એકાએક ફરી વળતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ રહ્યું છે. વહેલી સવારે અને રાત્રી દરમ્યાન પ્રજાજનો થરથર ધ્રુજી રહ્યા છે.હજુ બે દિવસ કાતીલ તીવ્ર ઠંડીનું મોજુ યથાવત રહેશે તેવી સંભાવના સેવાઈ છે. ચોમાસા દરમ્યાન પાછોતરા સારા વરસાદના કારણે સર્વત્ર પાણીના તળ ઉપર આવતા શિયાળા દરમ્યાન સિમાડાઓમાં ઠેર-ઠેર ખેતરોમાં વિવિધ પ્રકારના પાકોનું આ વર્ષે એકદંરે વાવેતર વધ્યું છે. ડીસેમ્બર માસ દરમ્યાન કાતીલ ઠંડીનું પ્રમાણ વધતા ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે પ્રજાજનો ગરમ વસ્ત્રોના સહારે શિયાળા દરમ્યાન ઠંડીના માહોલ વચ્ચે દિવસો પસાર કરી રહ્યા છે.ઠંડીનું પ્રમાણ વધતા જનજીવન ઠુંઠવાયુ છે ત્યારે ગરમ વસ્ત્રો વેચતા વેપારીઓને ઠંડીની સિઝન દરમ્યાન આવકમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં તાપમાનનો પારો એકાએક ગગડતા તાપણા સહારે ઠંડી ઉડાળવાનો પ્રયાસ પ્રજાજનો કરી રહ્યા છે.



જાણીતા સાહિત્યકાર અને કવિ સ્વ. ભરત કવિને કાવ્યાંજલિ અર્પણ કરવા સાહિત્યસભા દ્વારા ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના બહુધા સાહિત્યકારોએ ભાગ લઈ ભરત કવિને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

# અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસની નાકાબંધી જોઈ બુટલેગર રોડ પર સ્વીફ્ટ કાર મૂકી ગાયબ

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરને આડે હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનો છેદ ઉડાડી લોકો થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની ઉજવણીના બહાના હેઠળ કરોડો રૂપિયાના વિદેશી દારૂના ઘૂંટડા ભરી માદક ઉજવણી કરવા રાજ્યના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ન્યુઅર પાર્ટીના આયોજન પુરજોશમાં થઈ રહ્યા છે. બુટલેગરો થર્ટી ફર્સ્ટમાં દારૂના રસિયાઓને દારૂ પહોંચાડી ખિસ્સા ગરમ કરવા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે. અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ૧૫ આંતરરાજ્ય પોલીસ ચેકપોસ્ટ બંધ કરી દેવાતા બુટલેગરોને છૂટો દોર મળી ગયો છે. અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે લીંભોઈ નજીક નાકાબંધી કરતા વિદેશી દારૂ ભરી પસાર થતી. સ્વીફ્ટ કારનો ચાલક પોલીસ જોઈ રોડ નજીક કાર મૂકી રફુચક્કર થતા પોલીસે કારમાંથી ૬૪૮૦૦ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપ્યો હતો,

અરવલ્લી જીલ્લા એલસીબી પીએસઆઈ કે.કે. રાજપૂત અને તેમની ટીમે મોડાસા-હિંમતનગર રોડ પર પેટ્રોલિંગ હાથ ધરી ખુમાપુર નજીક વાહનચેકીંગ હાથ ધરાતા સ્વીફ્ટ કાર (ગાડી.નં- જીજે-૦૧-કેઆર-૮૮૦૫)માં વિદેશી દારૂ ભરી પસાર થતો બુટલેગર પોલીસ




ચેકીંગ જોઈ બુટલેગર કાર રીવર્સમાં લઈ ભાગવા જતા. કાર રોડ નીચે ઉતરી જતા અંધારાનો લાભ લઈ બુટલેગર ખેતરમાં થઈ નાસી જતા એલસીબી પોલીસે રોડ નીચે ઉતરી ગયેલી સ્વીફ્ટ કારમાંથી વિદેશી દારૂના ક્વાંટરીયા-બિયર નંગ-૪૩૨ કી. રૂ.૬૪૮૦૦ અને કારની કીં. રૂ.૩૦૦૦૦૦ મળી કુલ.રૂ.૩૬૪૮૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પ્રાંતિજ ખાતે પોલીસ દ્વારા લોકદરબાર યોજાયો

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પોલીસ દ્વારા નગરના વિવિધ પ્રશ્નોને લઈને



લોકદરબાર યોજવામાં આવ્યો હતો. પ્રાંતિજ પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઈન્સ્પેક્શન પણ યોજાયું હતું. આ પ્રસંગે નાયબ જીલ્લા પોલીસ વડા કે.એચ. સુયવર્શી ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. ચંપાવત દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે લોક દરબારનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પોલીસ વડા કે.એચ. સુયવર્શી ઉપસ્થિત રહ્યાં હતા.

નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, રઈશભાઈ કસ્બાતી, નગરપાલિકા પૂર્વ પ્રમુખ રતિભાઈ ટેકવાણી, વકીલ યોગેશભાઈ રાવલ, પ્રકાશભાઈ જોષી, રાણાભાઈ, અલ્પેશભાઈ રાવલ તથા નગરના અગ્રણીઓ વેપારીઓ તથા વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા. પ્રાંતિજ ખાતે નગરના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચાઓ થઈ હતી.

# અરવલ્લી જિલ્લા શિક્ષક સંઘની ચૂંટણીમાં શિક્ષકોએ ઉત્સાહભેર મતદાન કર્યુ

## મોડાસા મતદાન કેન્દ્ર પર શિક્ષકોના ટોળેટોળા ઉમટ્યા

મોડાસા, તા. ૨૮

પહેલેથી જ વિવાદમાં રહેલી અરવલ્લી જિલ્લા પ્રા. શિક્ષક સંઘની આજે બીજી વખત ચૂંટણી યોજાઈ છે. શિક્ષક મતદારોનું તેના પરિણામ પણ જાહેર કરાયા હતા પરંતુ ત્યારબાદ હરીફ જૂથે આ ચૂંટણી બંધારણીય રીતે યોજાઈ ના હોવાનું કારણ આપી અપીલમાં ગયા હતા જેને જિલ્લા પ્રક્રિયામાં મોટી સંખ્યામાં પ્રાથમિક શિક્ષકો મતદાન માટે ઉમટ્યા હતા. એકતા પેનલ અને પરિવર્તન પેનલનો ભારે રસાકસી ભર્યો જંગ આ ચૂંટણીમાં જોવા ભિલોડા તેમજ ધનસુરા તાલુકામાં ચૂંટણી બિનહરીફ જાહેર થઈ છે, જ્યારે ભિલોડા, માલપુર, મેઘરજ અને મોડાસા તાલુકામાં મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી જ બે પેનલો વચ્ચે ખરાખરીનો જંગ ખેલાતો જો કે બંધારણ મુજબ ચૂંટણી ન થઈ હોવાની અટકળોએ વેગ પકડ્યો હતો. ત્યારબાદ જિલ્લા વિકાસ



ઉત્સાહપૂર્ણ મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૨૦૧૯ના વર્ષમાં અરવલ્લી જિલ્લા પ્રા. શિક્ષક સંઘની ચૂંટણી પહેલેથી જ ખૂબ વિવાદમાં રહી છે. અગાઉ ત્રણ મહિના પહેલા જિલ્લા અને તાલુકા પ્રા શિક્ષક સંઘની ચૂંટણી યોજાઈ હતી અને વિકાસ અધિકારીએ માન્ય રાખી અને આજે સમગ્ર જિલ્લામાં તાલુકા અને જિલ્લા પ્રા. શિક્ષક સંઘની ચૂંટણી યોજાઈ હતી જેમાં ભારે રસાકસી જોવા મળી હતી.

અરવલ્લી જિલ્લામાં વિવાદોમાં રહેલી શિક્ષક સંઘની ચૂંટણી માટે શનિવારે મતદાન મળ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં ઉપપ્રમુખ અને મહા મંત્રીના પદ માટે શિક્ષક સંઘની ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે, ત્યારે તાલુકા કક્ષાએ પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ સહમંત્રી માટે ચૂંટણીનો જંગ જામ્યો છે કુલ છ તાલુકાઓ પૈકી અરવલ્લી જિલ્લામાં કુલ પાંચ હજાર બસો મતદાતાઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. ઉલ્લેખનિય છે કે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી ત્રણ મહિના પહેલા યોજાઈ હતી. ચૂંટણીનું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું ત્યારથી અધિકારી સમક્ષ રજૂઆત થતાં પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી રદ્દ કરી ચૂંટાયેલા હોદ્દેદારોને અમાન્ય ગણવાનો હુકમ જિલ્લા વિકાસ અધિકારીએ કર્યો હતો. બે વાર યોજાયેલી પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં ભાર રસાકસી જોવા મળી રહી છે છે.

# ૫ ટ્રીલિયન ઈકોનોમીનો લક્ષ્યાંક હાંસલ કરવા સમગ્ર દેશમાં ગુજરાતે લીડ લીધી છે : મુખ્યમંત્રી

## જીએલએસમાં 'ક્રિએટિવિટી ઇનોવેશન એન્ડ ટેક્નોલોજી ફોર સસ્ટેનેબલ ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ ઓફ ઇન્ડિયન ઇકોનોમી' વિષય પર નેશનલ કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે ૫ ટ્રીલિયન ઈકોનોમી એટલે કે ૩૫૦ લાખ



કરોડ રૂપિયાની ઈકોનોમીનો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લક્ષ્યાંક આપ્યો છે. આ લક્ષ્યાંક પ્રાપ્ત કરવામાં ગુજરાતએ લીડ લીધી છે. નરેન્દ્રભાઈ જે દિશા આપી છે એ દિશામાં ગુજરાત આજે આગળ વધી રહ્યું છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે ૫ ટ્રિલિયન ડોલર ઈકોનોમી કરવા માટે ગુજરાતે ઓછામાં ઓછી ૧.૫ ટ્રિલિયન ડોલર ઈકોનોમી કરવી પડશે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે. દેશનો જીડીપી ૫ ટકા છે, પણ ગુજરાતનો જીડીપી આજે ૯ ટકા છે. ગુજરાત આ દિશામાં પણ લીડ લઈને આગળ વધી રહ્યું છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે વર્ષ ૨૦૦૦ પહેલા ગુજરાતમાં માત્ર ૧૨ યુનિવર્સિટીઓ અને ૩ એન્જિનિયરિંગ કોલેજ હતી. છેલ્લા બે દાયકામાં આજે ગુજરાતમાં ૭૨ યુનિવર્સિટીઓ થઈ ગઈ છે. એટલે એજ્યુકેશનના ક્ષેત્રમાં ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં ઘણું પરિવર્તન આવી ગયું છે.

તેમણે વધુમાં કહ્યું કે રાજ્ય સરકારે ખાનગી યુનિવર્સિટીઓનો કોન્સેપ્ટ ખુલ્લો મુક્યો છે, એમાંય સેક્ટોરિયલ યુનિવર્સિટીનો કોન્સેપ્ટ પણ રાજ્ય સરકાર લાવી છે. આજે વર્લ્ડના લોકો ગુજરાતમાં અભ્યાસ કરવા માટે આવતા થઈ ગયા છે, જે વાઈબ્રન્ટ ગુજરાતને કારણે શક્ય બન્યું છે.

# પાલનપુરના વાસણપરા ગામે ઊંટે માથે બચકું ભરી માલિકને પટકતાં મોત

## ખેતરમાંથી ઊંટને દોરીને આવી રહ્યા હતા ત્યારે ઘટના બની

પાલનપુર

પાલનપુર તાલુકાના વાસણના પરા ગામના એક આધેડ તેમના ઉંટને ખેતરમાંથી લઈને ઘરે આવી રહ્યા હતા. ત્યારે માર્ગમાં એકાએક ઉંટે તેમના માથે બચકુંભર્યુ હતુ. અને રોડ ઉપર પટકતાં માલિકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતુ. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

પાલનપુરપંથકમાં અરેરાટી પ્રસરાવનારી ઘટનાની વિગતો એવી છે કે, વાસણપરા ગામે રહેતો પટણી પરિવાર ઉંટલારી ચલાવી કુટુંબના સભ્યોનું ગુજરાન ચલાવે છે. જ્યાં પરિવારના જયંતીભાઈ બુધાભાઈ પટણી (ઉ.વ. ૪૫) શુક્રવારે બપોરના સુમારે ઉંટને ચરાવવા માટે ખેતરે ગયા હતા. ત્યાંથી પીંપળી જવાના માર્ગે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન વીજકંપની આગળ એકાએક ઉંટે જયંતિભાઈના માથાને પોતાના મોઢામાં લઈ લીધુ હતુ. અને ઉંચા ઉછાળી રોડ ઉપર પટક્યા હતા. જેમાં જયંતિભાઈના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ તેમનું મોત નિપજ્યું હતુ. ઘટનાને પગલે આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. અને ઉંટને દૂર લઈ જઈ દોરડી વડે બાંધી દેવામાં આવ્યું હતુ.

### તાત્કાલિક ૧૦૮ દોડી આવી

જયંતિભાઈ પટણીને ઉંટે માથાના ભાગે બચકું ભરતાં તેમણે બુમાબુમ કરી મુકી હતી. આથી આજુબાજુના ખેતરમાંથી લોકો દોડી આવ્યા હતા. જોકે, ઉંટે જયંતિભાઈને રોડ ઉપર પટકી દેતાં માથાના ભાગે ગંભીર ઈજા થવા પામી હતી. અને લોહિલૂહાણ થઈ ગયા હતા. જ્યાં ૧૦૮ને જાણ કરવામાં આવતાં પાલનપુર ૧૦૮ કિરણભાઈ પરમાર સ્ટાફ સાથે દોડી ગયા હતા. જોકે, જયંતિભાઈને સારવાર મળે તે પહેલા જ મોત નિપજ્યું હતુ.

### ઊંટને હડકવા થયો હોવાનું અનુમાન

સામાન્ય રીતે ઉંટ તેના માલિકને વફાદાર પ્રાણી છે. તેને માલિક મારે તો પણ કદાપી હૂમલો કરતું નથી. આ ઘટનામાં ઉંટને હડકવા થયો હોવાનું અનુમાન હોવાનું પશુચિકિત્સકે જણાવ્યું હતુ.



**શપથગ્રહણ** ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ શપથ ગ્રહણ સમારંભમાં કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી સહિત અનેક મોટા ચહેરા સામેલ થશે. શપથગ્રહણ સમારંભમાં પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ સામેલ થશે. આ ઉપરાંત કોંગ્રેસના જ પી ચિદમ્બરમ, અહેમદ પટેલ, આરપીએન સિંહ અને કે સી વેણુગોપાલ પણ સામેલ થશે.

આ ઉપરાંત કોંગ્રેસ શાસિત ૩ રાજ્યો (મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ) ઉપરાંત કુલ ૬ રાજ્યોના મુખ્યપ્રધાન પણ સમારંભમાં સામેલ થશે. પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી, દિલ્હીના મુખ્યુપ્રધાન અરવિંદ કેજરીવાલ અને મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરે પણ મુખ્યપ્રધાનમાં સામેલ થશે. આ ઉપરાંત પાંચ પૂર્વ મુખ્યપ્રધાન પણ આ સમારંભમાં હાજરી આપશે. પૂર્વ મુખ્યપ્રધાનોમાં માયાવતી, અખિલેશ યાદવ, હરીશ રાવત, ચંદ્રબાબુ નાયડુ, એચડી કુમારસ્વામી પણ સામેલ થશે. આ ઉપરાંત બિહારના પૂર્વ ઉપ મુખ્યપ્રધાન અને રાજદ નેતા તેજસ્વી યાદવ પણ આ કાર્યક્રમમાં ભાગ લેશે.



ઈન્ડિયા ટીવીના ચેરમેન અને ચીફ એડિટર રજત શર્મા અને પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ બાલાક્રિશ્નનજીએ વડોદરા ખાતે સીએ હિતેશ અગ્રવાલજી અને સીએ કુણાલ બ્રહ્મભટ્ટને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડનું પ્રમાણપત્ર અર્પણ કર્યુ હતું. આ પ્રસંગે દિવ્ય ત્રિવેદી અને દિવ્યાંગ ગાંધીની વિશેષ ઉપસ્થિતિમાં સર્ટીફીકેટ પ્રદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંતોષ શુક્લ, અશ્વિન ત્રિવેદી, ધારાસભ્ય મનિષાબેન વકીલ, ધારાસભ્ય સીમાબેન મોહિલે અને પૂર્વ મેયર ભારત ડાંગર સહીત અતિથિઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગર તાલુકા તલાટી મંડળના હોદ્દેદારોની બિનહરીફ વરણી

ગાંધીનગર તાલુકા તલાટી કમ મંત્રી મંડળની બેઠક અંબાજી ખાતે ૨૫મી ડિસેમ્બરના રોજ યોજાઈ હતી. તાલુકાના તલાટી કમ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા



હતા. તાલુકા તલાટી મંડળના હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. ગલુદણના તલાટી ગાભાજી વી. ઠાકોર પ્રમુખપદે તથા ડભોડાના તલાટી-મંત્રી બી.કે. દેસાઈને મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરાઈ હતી. નાના ચિલોડાના તલાટી રમણભાઈ પટેલને ઉપપ્રમુખ તરીકે વરણી આવી છે.

**હાહાકાર...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાઝિયાબાદમાં વધી રહેલી ઠંડીને જોતા જિલ્લાઅધિકારી અજય શંકર પાંડેએ આગામી બે દિવસ સુધી તમામ સરકારી અને ખાનગી શાળાઓ ધોરણ ૧૨ સુધીની સ્કૂલો બંધ રાખવાનો આદેશ કર્યો છે. અલીગઢમાં ઠંડીને જોતા જિલ્લા તંત્રએ સ્કૂલો બંધ કરવાનો આદેશ કર્યો છે. અલીગઢમાં સોમવારથી સ્કૂલો ફરીથી શરૂ થશે.

**ટ્રેકનું રિનોવેશન...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવા માટે અરજદારોની સંખ્યા વધી રહી છે. બીજીતરફ વર્ષોના અંતે ટ્રેકને પણ યોગ્ય સમારકામની જરૂરિયાત હોવાનુ સ્પષ્ટ થયુ છે. આર ટી ઓના ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકના સેન્સર પણ કામ કરતા ન હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે ટ્રેકના વે અને રેલીંગ સહીત કેટલાક ઠેકાણે રીપેરીંગ જરૂરી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે આ ડ્રાઈવીંગ ટ્રેકના રીનોવેશન માટે આર ટી ઓ તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી આગળની કાર્યવાહી હાથ ધરાશે. છેલ્લા ઘણાં સમયથી ટ્રેકનુ રીપેરીંગ અનિવાર્ય હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે ટુંકમાં જ આ કાર્યયોજના હાથ ધરાશે.

**કેન્દ્ર રદ...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેથી હવે ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા એમ.એસ. પબ્લીક સ્કૂલમાં પણ યોજાશે નહીં. તેની સાથે સાથે રાજ્યમાં જે જે શાળાઓમાં જાહેર પરીક્ષામાં ગેરરીતિ થઈ છે, તે અંગેની તમામ વિગતો પણ શિક્ષણ વિભાગ દ્વારા ગૌણ સેવા મંડળ અને પંચાયત વિભાગ પાસેથી લેખિતમાં મંગાવવામાં આવી છે જેને આધારે બીજી અન્ય શાળાના બોર્ડના પરીક્ષા કેન્દ્રો રદ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ગુજરાત ગૌણ પસંદગી મંડળ દ્વારા યોજાયેલી બિન સચિવાલય પરીક્ષામાં થયેલી ગેરરીતિના ગંભીર બનાવો જે શાળાઓમાં નોંધાયા હતા, રાજયની તેવી ૩૯ શાળાઓને ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનું કેન્દ્ર રદ કરવાનો બોર્ડ દ્વારા નિર્ણય લેવાતાં આ શાળાઓમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. બોર્ડના આ નિર્ણયની પ્રશંસા થતી જોવા મળી હતી.

**દિલ્હીમાં પારો...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજસ્થાનમાં પાંચ શહેરોનું તાપમાન નીચુ ગયું હતું. તો જ્યાં ક્યારેય બરફ પડ્યો નથી એવા મધ્યપ્રદેશમાં સીવીયર કોલ્ડ ડેની ચેતવણી સાથે બરફવર્ષાની આગાહી કરવામાં આવી છે. હવામાનમાં થઈ રહેલા ફેરફારો-કલાઈમેટ ચેન્જની અસર ભારતમાં ધીમે ધીમે વધી રહી હોય તેમ વર્તમાન શિયાળો ભારત માટે ખાસ કરીને સમગ્ર ઉત્તર ભારત માટે વધુ કાતિલ સાહિત થઈ રહ્યો છે. દેશના ઉત્તરી અને પૂર્વી ભાગમાં સતત ઠંડી વધી રહી છે. રાજસ્થાનના ૫ શહેરોમાં શુક્રવારે તાપમાન શૂન્ય નીચે પહોંચી ગયું છે. પંજાબ, હરિયાણા, બિહાર, મધ્ય પ્રદેશ સહિત ઘણાં રાજ્યોમાં ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. દિલ્હીમાં શનિવારે લઘુત્તમ તાપમાન ૨.૪ સેલ્સિયલ ડિગ્રી નોંધવામાં આવ્યું હતું. જ્યારે લોધી રોડ પરનું તાપમાન ૧.૭ ડિગ્રી નોંધાયું હતું. હિમાચલ પ્રદેશના કિન્નૌરમાં ઠંડીના કારણે ઝરણું જામી ગયું હતું. હવામાન વિભાગે, આગામી ૨ દિવસ સુધી પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હી સહિત ઉત્તરી રાજસ્થાન અને ઉ.પ્ર.માં ઠંડો પવન ફૂંકાવાની શક્યતા જણાવી છે. જ્યારે બિહાર અને પશ્ચિમી મધ્ય પ્રદેશમાં 'સીવિયર કોલ્ડ ડે'ની ચેતવણી આપવામાં આવી છે.